
# લગ્નના આદર્શો અને સિદ્ધાંતો



— શ્રીરામ શર્મા આચાર્ય

# લગનના આદર્શો અને સિદ્ધાંતો

લેખક :

**શ્રીરામ શર્મા આચાર્ય**

પ્રકાશક :

**યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ**

**ગાયત્રી તપોભૂમિ, મથુરા.**

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

**પ્રાપ્તિસ્થાન :**

શાખા અમદાવાદ

ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,

જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

[illegible]

આવૃત્તિ : ૨૦૧૦ કિંમત રૂા. ૬.૦૦

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શારીરિક પુખ્તતા | ૩ |
| ૨. | સમાન જોડાં ખોળીએ | ૪ |
| ૩ | ન્યાયનું હનન થવું ન જોઈએ | ૬ |
| ૪ | વિધુર અને વિધવાઓની સમસ્યાઆ | ૮ |
| ૫ | દુષ્પરિણામો પ્રત્યે સાવચેતી | ૯ |
| ૬ | બાળલગ્નો અયોગ્ય છે | ૧૧ |
| ૭ | કજોડાં લગ્નો થવાં ન ઘટે | ૧૨ |
| ૮ | વર-વધુની ઉંમરમાં ફરક | ૧૩ |
| ૯ | સહૃદયતા અને ઉદારતાની આવશ્યકતા | ૧૫ |
| ૧૦ | એક વિચારણીય વિકલ્પ | ૧૬ |
| ૧૧ | ઉપહાસ અને વિરોધથી ન ડરો | ૧૭ |
| ૧૨ | દરજ્જો કોનો મોટો ? કોનો નાનો ? | ૧૯ |
| ૧૩ | અયોગ્ય માન્યતાઓ બદલો | ૨૧ |
| ૧૪ | શ્રીમંતો તરફ ન દોડો | ૨૨ |
| ૧૫ | રંગરૂપ નહીં, ગુણ-કર્મ | ૨૪ |
| ૧૬ | ખતરનાક પ્રતિક્રિયાનું ધ્યાન રાખવું ઘટે | ૨૫ |
| ૧૭ | રૂપસુંદરી અને સુગૃહિણી | ૨૭ |
| ૧૮ | પસંદગીનો સાચો આધાર | ૨૮ |


Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# લગ્નના આદર્શો અને સિદ્ધાંતો

આદર્શ લગ્ન માટે એ આવશ્યક છે કે એનો નિર્ણય આદર્શવાદી સિદ્ધાન્તોના આધાર પર જ થાય.

એવું ન બને કે એક તરફ સુધારાવાદી અને સુધરેલી લગ્નપદ્ધતિથી લગ્ન થાય અને વર કન્યાના સંબંધનો નિર્ણય ખામીભર્યા દષ્ટિકોણવાળો હોય. રીતરિવાજ અને પદ્ધતિઓનું એટલું મહત્ત્વ નથી કે જેટલું એના મૂળ આધારનું છે. એટલા માટે જ આ સંબંધમાં આપણે આપણી માન્યતાઓમાં ફેરફાર કરવો જોઈએ અને યોગ્યતાને અનુલક્ષીને લગ્નો નક્કી કરવાં જોઈએ.

**શારીરિક પુખ્તતા :**

આદર્શ લગ્ન માટે એ જરૂરી છે કે કન્યા ઘરસંસારની જવાબદારી સંભાળવા જેટલી પુખ્ય હોય.

કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને વરની ૨૧ વર્ષ હોવી જોઈએ. લગ્ન માટે આથી ઓછી ઉંમર કદી ન હોવી જોઈએ. આ ન્યૂનતમ ઉંમર છે. ખરું તો એ છે કે આથી મોટી ઉંમરનાં યુવક યુવતીઓ જ ગૃહસ્થાશ્રમની જવાબદારી સંભાળવા યોગ્ય હોય છે. શરીરશાસ્ત્ર અનુસાર આવી યોગ્યતા છોકરીને ૨૧ વર્ષે અને છોકરાને ૨૫ વર્ષે પ્રાપ્ત થતી હોય છે.

ઉંમરલાયક યુવક યુવતીઓ જ લગ્ન કરવા યોગ્ય હોય છે. નાની ઉંમરનાં કિશોર કિશોરીઓ લગ્નના બંધનમાં બંધાઈને પોતાનો શારીરિક અને માનસિક વિનાશ જ નોંતરે છે. આવાં લગ્નોના પરિણામે પેદા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થતાં બાળકો નબળાં હોય છે અને પોતે પણ કાચી ઉંમરે ઘરસંસાર માંડવાથી શારીરિક શક્તિની દૃષ્ટિએ પણ નબળાં પડી જાય છે. એમનાં શરીર ધીમે ધીમે રોગગ્રસ્ત થઈ જાય છે અને અકાળે જ એમની જીવનલીલા સંકેલાઈ જાય છે. શારીરિક અને માનસિક પુષ્ટતા પ્રાપ્ત કરતા પહેલાં જ નાની ઉંમરમાં છોકરા છોકરીનાં લગ્ન કરી દેવાં એ એમના ઉપર એક પ્રકારનો અત્યાચાર કરવા બરાબર છે. વિવેકશીલ માતાપિતાએ આવી ભૂલ કદી પણ કરવી જોઈએ નહિ.

સરકારી કાયદો પણ બાળલગ્નનો વિરોધી છે. બાળલગ્નને સજા યોગ્ય ગુન્હો માનવામાં આવ્યો છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરની છોકરી અને ૨૧ વર્ષથી ઓછી ઉંમરના છોકરાનાં લગ્ન કરાવનાર વ્યક્તિને તેમજ તેમના વાલીઓને જેલની સજા થઈ શકે છે. કદાચ આવાં લગ્ન ભલે સરકારી કાયદામાંથી છટકી જાય, પણ પ્રકૃતિ અને ઈશ્વરનાં નિયમોમાંથી કોઈ છૂટી શકતું નથી. નાની ઉંમરનાં કિશોર કિશોરીઓ ઘર ગૃહસ્થીનો ભાર ઉઠાવશે તો તેમને બધી જ દૃષ્ટિએ નુકસાન વેઠવું પડશે એ સમજી લેવું જોઈએ. વાલીઓએ આવી ઉતાવળ કદી પણ ન કરવી જોઈએ. બાળકોને વધુમાં વધુ અભ્યાસ કરવા દેવો જોઈએ. જ્યાં સુધી એમનું ભણતર પૂરું ન થાય ત્યાં સુધી લગ્નની વાત વિચારવી જોઈએ નહીં. વિદ્યાભ્યાસમાં કદાચ તેમની ઉંમર નક્કી કરેલી લગ્નવય કરતાં વધે તો પણ ચિન્તા ન કરવી જોઈએ.

## સમાન જોડાં ખોળીએ :

ગુણ, કર્મ અને સ્વભાવની દૃષ્ટિએ તથા શારીરિક અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માનસિક સમાનતાની દષ્ટિએ યોગ્ય હોય એવાં જોડાં ખોળવાં જોઈએ. મેળ વગરનાં લગ્નો દુઃખદાયક હોય છે. તરુણ તરુણીની અભિરુચિ અને આકાંક્ષાને ધ્યાનમાં રાખીને જીવનસાથીની પસંદગી કરવી જોઈએ. બહારના રૂપાળા દેખાવને બદલે તેમનામાં રહેલા ગુણોને મહત્ત્વ આપવું જોઈએ.

શ્રીમંત કુટુંબમાં જ કન્યા આપવાનો દષ્ટિકોણ છોડીને સંપૂર્ણ યોગ્ય લગ્નવાંચ્છુ યુવક શોધવા ઉપર ધ્યાન આપવું જોઈએ.

ધનનું મહત્ત્વ પહેલાં પણ ઓછું હતું અને અત્યારે તો એનું મૂલ્ય, મહત્ત્વ અને સ્થાયિત્વ ઘણી બધી દષ્ટિએ સાવ ઓછું છે. શ્રીમંત કુટુંબના છોકરા કરતાં ગરીબ ઘરનો યોગ્ય યુવક બધી રીતે સારો હોય છે. કન્યાનું જીવન પરિવારની શ્રીમંતાઈના કારણે નહીં, પણ એના સુયોગ્ય જીવનસાથીના કારણે જ સુખમય થઈ શકે છે. એટલા માટે જ યુવકની પ્રતિભા અને સજ્જનતા પ્રત્યે વિશેષ ધ્યાન આપવું ઘટે, નહિ કે એની શ્રીમંતાઈ તરફ. છોકરીની યોગ્યતાને અનુલક્ષીને યુવક શોધવો જરૂરી છે. ધનના પ્રલોભનથી અયોગ્ય કન્યાઓનો સુયોગ્ય યુવકોની સાથે સંબંધ બાંધવામાં કદાચ સફળતા મળે તો પણ એવાં જોડાં ઓછાં સુખી થતાં હોય છે.

બની શકે તો સગાઈ નક્કી કરતા પહેલાં વરકન્યાને એકબીજા વિષે પૂરી માહિતી આપવી જોઈએ. પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રૂપે એમની સંમતિ લેવી જોઈએ. એમની ઈચ્છા વિરુદ્ધ સગાઈ કદી પણ નક્કી કરવી જોઈએ નહિ. દહેજ વગેરેની મુશ્કેલીઓના કારણે કેટલીકવાર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

છોકરીઓની ઉંમર મોટી થઈ જાય છે અને યોગ્ય વર મળતા નથી. એવી સ્થિતિમાં મોટી ઉંમરનો વર પસંદ કરી લેવાય છે. કેટલીકવાર તો એ પ્રૌઢ ઉંમરનો હોય છે. આવા સંબંધો હંમેશાં નિંદનીય છે. વિધુર વ્યક્તિઓનાં લગ્ન જો જરૂરી હોય તો વિધવાઓ સાથે થવાં જોઈએ. જે નિયમ સ્ત્રી માટે છે એ પુરુષ માટે પણ હોવો જોઈએ. વિધવા અને વિધુરોની નૈતિક, ધાર્મિક અને સામાજિક સ્થિતિ લગભગ સરખી હોય છે. પ્રતિબંધ અને સુવિધા બન્નેને (સ્ત્રી અને પુરુષને) સરખાં મળવાં જોઈએ. જો વિધવા સ્ત્રી માટે પુનર્લગ્ન અનુચિત માનીએ તો એ નિયમ વિધુરોને પણ લાગુ પડે છે. જો વિધુરોને બીજું લગ્ન કરવાની છૂટ હોય તો એવી છૂટ વિધવાઓ માટે પણ રાખવી જોઈએ. ન્યાય બધા માટે સરખો હોવો જોઈએ. બંધન પણ બધા માટે સરખાં હોવાં જોઈએ. નારી દુર્બળ છે, અસહાય અને પરાધીન છે એટલા માટે એના ઉપર પ્રતિબંધ લાદવામાં આવે અને પુરુષ સમર્થ છે, એટલા માટે એને વિશેષ સુવિધા મળે એ કોઈપણ રીતે ન્યાયી નથી.

## ન્યાયનું હનન થવું ન જોઈએ :

ન્યાયનું ત્રાજવું બધા માટે સરખું હોવું જોઈએ. નર અને નારી ઈશ્વરના બે હાથ છે. કહો કે બે આંખો પણ છે. પરમાત્માએ એ બન્નેને સરખાં સર્જ્યાં છે. સમાન અધિકાર પણ આપ્યા છે. નર અને નારી વચ્ચે જે લિંગભેદ છે એનો અર્થ એ છે કે એમનામાં રહેલી અપૂર્ણતા બન્નેના મિલનથી સંપૂર્ણ પૂર્ણતામાં પરિણમે છે. આ ઈશ્વરની એક કલાત્મક વ્યવસ્થા છે. એનાથી એમના સામાજિક અને માનવીય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

અધિકારોમાં કોઈ ફર્ક પડતો નથી. લગ્ન નક્કી કરતી વખતે એ બાબતનું ધ્યાન રાખવું જોઈએ કે બેમાંથી કોઈને પણ અન્યાય તો નથી થતો ને જેની પત્ની નાનાં બાળકોને મૂકીને મૃત્યુ પામી હોય એવા મોટી ઉંમરના પુરુષે જો લગ્ન કરવાં આવશ્યક જ હોય તો પોતાને અનુકૂળ અને ઉંમરમાં સરખી વિધવા સ્ત્રી ખોળવી જોઈએ. નિસ્સંતાન વિધુર નિસ્સંતાન વિધવા સાથે અને બાળકો વાળા વિધુર બાળકવાળી વિધવા સાથે જો લગ્ન કરે તો તે વધુ ન્યાયસંગત ગણાય. જો પુરુષનાં સંતાનોને બીજી પત્ની ઉછેરી શકતી હોય તો બાળકવાળી વિધવાનાં બાળકોનું લાલનપાલન એનો બીજો પતિ કેમ ન કરી શકે ?

વિશેષ અધિકાર ભોગવવાનું બધાને ગમે છે. વિશેષ સુવિધાઓ જેને મળી છે તેને એ છોડવી ગમતી નથી. આ જ વાત વિધુર પુરુષોના લગ્ન સંબંધમાં પણ લાગુ પડે છે. સામાન્ય રીતે એવા પુરુષો પણ કુમારિકા સાથે લગ્ન કરવા ઇચ્છે છે. આ ન્યાય સંગત નથી. પુરુષ ઉંમરમાં મોટો હોય તો પત્ની વહેલી વિધવા બને એ જોખમ પણ સ્પષ્ટ છે. પરિણામે એમનાં નાનાં બાળકોને આ દુઃખ ભોગવવું પડે છે. અત્યારના સંજોગોમાં વૈધવ્ય કેટલું કષ્ટપ્રદ હોય છે એ કોણ નથી જાણતું ? કોઈ પુરુષ પોતાના સુખ માટે પોતાની ભાવિ પત્નીને વૈધવ્યની આગમાં નાખવાનું કામ કરે અને એને અનાથ બનાવવાનું કાર્ય કરે એ કોઈપણ રીતે યોગ્ય નથી. એવું અન્યાયપૂર્ણ દામ્પત્યજીવન ક્યારેય સુખશાન્તિવાળું ન બની શકે. એવાં દંપતીને જોવાથી એનું પ્રત્યક્ષ પરિણામ આપણે નિહાળી શકીએ છીએ. આવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્થિતિમાં સ્ત્રી હંમેશાં એ વિચારે દુઃખી થતી હોય છે કે એની સાથે હળાહળ અન્યાય કરવામાં આવ્યો છે. આ અત્યાચારને ભલે એ લાચારીથી સહન કરે, પણ એના મનમાં તો પ્રતિહિંસાની આગ સળગતી રહે છે. પરિણામે સાચી વાત એ છે કે એવાં લગ્નો કદી પણ સફળ થતાં નથી.

## વિધુર અને વિધવાઓની સમસ્યાઓ :

આદર્શ લગ્નોનું આયોજન કરતા પહેલાં એ વાત જાણી લેવી જોઈએ કે જોડી બરાબર મળી છે કે નહિ. જો બન્નેની જોડી ખોટી રીતે ગોઠવવામાં આવી હોય તો માત્ર સુધારેલી પદ્ધતિથી કરેલાં લગ્નનું કોઈ મૂલ્ય નથી. આપણે જોડી મેળવવામાં કાળજી રાખવી જોઈએ. વિધુરોનાં કુમારિકાઓ સાથે લગ્ન કરવાના પ્રચલિત રિવાજના કારણે હિન્દુ સમાજમાં વિધવાઓ અને અનાથોની સંખ્યા મોટા પ્રમાણમાં વધતી રહી છે. આવી વિધવાઓની જે દયનીય સ્થિતિ હોય છે એનાથી કોઈ અજાણ નથી. કુટુંબોમાં જે સ્વાર્થ તથા સંઘર્ષ ચાલ્યા કરે છે એમાં કુટુંબની કોઈ સ્ત્રી વિધવા થાય ત્યારે કુટુંબીજનો એ પ્રયત્ન કરે છે કે એના મૃત પતિની સંપત્તિના રખેવાળ બનીને પણ સંપત્તિ ઓહિયાં કરી લેવી અને એ બિચારીને રઝળતી કરી મૂકવી. એવી લાચાર વિધવાઓ પછી સમાજમાં તિરસ્કૃત જીવન વ્યતીત કરે છે. અરે, ત્યાં સુધી કે કોઈ મંગળ પ્રસંગે પણ એમના પ્રવેશને અશુભ-અમંગળ માનવામાં આવે છે. તેનાં કુટુંબીજનો તો તેને જ અભાગણી, પાપી માને છે. વખત આવ્યે એનો તિરસ્કાર કરવાનું, તેણીનું અપમાન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવાનું પણ ચૂકતાં નથી. એવી સ્ત્રીનાં અસહાય અને અનાથ બાળકો પણ અપમાનજનક સ્થિતિમાં જીવે છે. પરિણામે એ બાળકોમાં પણ આજીવન લઘુતાગ્રંથિ બંધાઈ જાય છે.

વિધવાઓની દિન પ્રતિદિન થતી વૃદ્ધિ બંધ થવી જોઈએ. અનાથ લોકોની સંખ્યામાં વધારો કરતી હિન્દુજાતિની આ પ્રચલિત કુપ્રથાને તાત્કાલિક રોકવી જરૂરી છે. આ ન્યાયનો પોકાર છે. માનવીય અધિકારોનો પ્રશ્ન છે. રિવાજ ગમે તે હોય પણ જો તે માનવતા અને નૈતિક્તાના આદર્શોની વિરુદ્ધનો હોય તો તે બદલવો જ ઘટે. હવે એ સમય પાકી ગયો છે કે લગ્ન કરતાં વિધવા તથા વિધુરની બાબતમાં ધ્યાન આપવું જોઈએ. વૃદ્ધ લગ્નો અને કજોડાં લગ્નોને રોકવાં જોઈએ. યુવતીઓમાં એવી હિંમત પેદા કરવી જોઈએ કે જો એમને વિધુરોની સાથે લગ્ન કરવાની ફરજ પાડવામાં આવતી હોય તો એવા બંધનમાં બંધાવાનો સ્પષ્ટ ઇન્કાર કરે. સામાજિક કાર્યકર્તાઓએ આવા સમયે વિરોધીનો અવાજ ઉઠાવવો જોઈએ. કાયદાકીય બંધન ભલે ન હોય, પણ ન્યાયનો અવાજ વધુ બળવત્તર હોય છે. એની મહત્તા સરકારી નિયમો અને પ્રચલિત પરંપરાઓની તુલનામાં અનેકગણી વધારે છે. અનીતિનો તો તમામ સ્તરે વિરોધ થવો જ જોઈએ. લગ્નના નામે થતા અન્યાયનો પણ એ જ રીતે વિરોધ થવો જરૂરી છે.

## દુષ્પરિણામો પ્રત્યે સાવચેતી :

કુમારિકાઓનાં લગ્ન વિધુરો સાથે થવાની શક્યતા નહિવત્ બનતાં વિધવાઓ સાથે એવો પુરુષવર્ગ લગ્નની શક્યતા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિચારતો થશે જ. આજે તો કરોડોની સંખ્યામાં વિધવા બહેનો ચાલ્યા આવતાં બંધનોના કારણે દુઃખી જીવન જીવીને આંસુ સારી રહી છે. એમનો અભિશાપ હિન્દુ સમાજને રક્તપિત્તના રોગની જેમ દિન પ્રતિદિન નષ્ટ કરી રહેલ છે. આ પ્રશ્નની ઉપેક્ષા કરવા જેવી નથી, કારણ કે આજે થતાં લગ્નોમાં પાંચ લગ્નોમાં એકાદ વિધુરનું લગ્ન થતું હોય છે અને એમાં ઉંમરની દૃષ્ટિએ તફાવત એટલો બધો હોય છે કે એવી પરિણીતાના વૈધવ્યની સંભાવના સામે આવીને ઊભી જ હોય છે. કુદરતી મૃત્યુના કારણે થતી વિધવાઓ ક્યાં ઓછી છે કે વળી જાણીબુઝીને સ્ત્રીબાળકોની દયનીય સ્થિતિ ઊભી કરવાનું આયોજન હિન્દુ સમાજ કરે છે ?

સવર્ણ હિન્દુઓમાં વિધવાવિવાહ પર જે પ્રતિબંધ ચાલ્યો આવે છે એનો કોઈ ધાર્મિક કે નૈતિક આધાર નથી. આ સંબંધમાં હું શાસ્ત્રોના આધાર ટાંકીને એક અલગ પુસ્તક લખવા ઇચ્છુ છું. જેમાં એ વાત સ્પષ્ટપણે સાબિત કરેલી હશે કે વિધવા લગ્નો ઉપર શાસ્ત્રોએ પણ કોઈ પ્રતિબંધ ફરમાવ્યો નથી, અરે, એટલું જ નહિ, શાસ્ત્રોએ તો એને સ્પષ્ટ સમર્થન પણ આપ્યું છે. જે વિધુરોને લગ્ન જરૂરી લાગતું હોય એમણે આ બાબતે ધર્મમર્યાદાના ઉલ્લંઘનની શંકા મનમાંથી કાઢી નાખવી જોઈએ. એવી જ રીતે જે મા-બાપોની વિધવા યુવતીઓ લગ્ન યોગ્ય હોય તેમણે કોઈપણ પ્રકારના સંકોચ વગર એમનાં પુનર્લગ્ન કરાવી દેવાં જોઈએ. એમાં શાસ્ત્ર, ન્યાય, ધર્મ વગેરે કોઈપણ રીતે અડચણરૂપ નથી. ફક્ત પ્રચલિત રિવાજ અને ખોટી માન્યતાઓની જ અડચણ છે,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેમાં સુધારો કરવો પડશે. આ અંધેર હવે વધુ વખત ચાલવાનું નથી.

## બાળલગ્નો અયોગ્ય છે :

બાળલગ્નો વિષે પહેલાં જ કહેવામાં આવ્યું છે કે આવાં લગ્નો દરેક દષ્ટિએ અયોગ્ય છે. અતિ ઉત્સુક મા-બાપો પોતાના બાળકોનાં જલદી લગ્ન કરી નાંખી લગ્નની જવાબદારીમાંથી છટકવા માગે છે અને લગ્નનો લહાવો લેવા ઇચ્છે છે. આવી અધીરાઈભરી ઉત્સુકતાને બાલિશતા જ કહી શકાય. પછાત જાતિઓમાં આવી પ્રથા હજી પણ મોટા પ્રમાણમાં છે. હજુ તો જેમના હોઠેથી ધાવણ પણ સુકાયું નથી એવાં નાનકડાં બાળકોના હજારો લગ્નો આજે પણ આ દેશમાં થાય છે. નગરોમાં રહેલા શિક્ષિત વર્ગના લોકોમાં હવે પરિપક્વ ઉંમરે લગ્નો થવા માંડ્યા છે, પણ ભારતની અધિકાંશ જનતા ગામડાંમાં રહે છે એ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે. હજી ત્યાં શિક્ષણનો વ્યાપ વધ્યો નથી. ગામડાંના પછાત વર્ગના લોકોમાં કુરિવાજોનું સ્થાન વિશેષ છે. બાળલગ્નોના નામે આજે પણ અસંખ્ય બાળકોનો શારીરિક તથા માનસિક સર્વનાશ થઈ રહ્યો છે. આ અજ્ઞાનતાને રોકવી જરૂરી છે. સમાજમાં એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ કે જેથી આવી અજ્ઞાનતાભરી રમત બંધ થાય.

મધ્યયુગમાં જ્યારે વિધર્મી આક્રમણખોરોનું ભારતમાં રાજ્ય હતું ત્યારે તેઓ કોઈપણ સુંદર યુવતીનું બળજબરીથી અપહરણ કરી જતા અને તેને લગ્નની ફરજ પાડતા ત્યારે એક આપદ્ ધર્મ તરીકે સમાજના બુદ્ધિશાળી લોકોએ બાળલગ્નની પ્રથા સ્વીકારેલી. 'શીઘ્રબોધ' જેવાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સામાન્ય પુસ્તકોમાં એવા શ્લોક એ વખતે લખવામાં આવ્યા કે જેમાં આઠ દસ વર્ષના બાળકોનાં લગ્નને યોગ્ય લેખવામાં આવ્યાં હતાં. તે સમય માટે એ વ્યવસ્થા યોગ્ય હતી. આ વ્યવસ્થાયે તે વખતે ધર્મનું રક્ષણ કરવામાં સહયોગ આપ્યો હતો. તેથી એ વખતે કરવામાં આવેલી એ વ્યવસ્થા પ્રશંસનીય હતી, પરંતુ હવે એવી પરિસ્થિતિ નથી. હવે આપણી બહેન દીકરીઓના અપહરણનો એવો ભય નથી, એટલે આજના યુગમાં એ આપદ્ ધર્મને અનુસરી બાળલગ્નની પ્રથા ચાલુ રાખવાની કોઈ જરૂર નથી. તાવ ઊતરી ગયા પછી પણ કવીનાઈનનાં ઈન્જેકશન લેતા રહેવાની કોઈ જરૂર ખરી ? જે લોકો પોતાનાં બાળકોનાં બાળલગ્નને ધર્મકૃત્ય સમજીને નાની ઉંમરે લગ્નો કરી નાખે છે તેઓ મોટી ભૂલ કરે છે. ભારતીય ધર્મમાં પુખ્ત ઉમરનાં જ યુવક-યુવતીઓનાં લગ્નો કરવાનો આદેશ છે. બાળલગ્નોની તો એમાં કલ્પના પણ કરી નથી. આ આંધળી રમતને ધર્મ માનવાનો કોઈ પ્રશ્ન જ ઊઠતો નથી.

## કજોડાં લગ્નો થવાં ન ઘટે :

વૃદ્ધો સાથે કુંવારી યુવતીઓનાં લગ્ન જે લોકો કરે છે તેમાં ધનલોભ મુખ્ય છે. કન્યાનાં હાડમાંસ વેચનારા આવા લોકો નિર્દયી અને દુર્બુદ્ધિવાળા છે. એમને પોતાના સ્વાર્થ આગળ ધર્મ, ન્યાય કે અન્યાય કંઈ પણ દેખાતું નથી. માત્ર લાલચવશ તેઓ પોતાની માતા, બહેન, પત્ની, પુત્રી, ધર્મ, ઈમાન, ન્યાય અને નીતિ બધું જ વેચી શકે છે. આવા નરપશુઓનાં નીચ કર્મ સમાજના વાતાવરણને વિષમય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનાવે છે. આનો સખત વિરોધ થવો જ જોઈએ. કેટલીક વખત તો દસ બાર વર્ષની બાલિકાનું લગ્ન પચાસ-સાઈઠ વર્ષના વૃદ્ધ સાથે કરવામાં આવ્યું હોય એવું પણ મેં જોયું છે. આવા નરમેધ 'લગ્ન' શબ્દને પણ કલંકિત કરે છે. લૂંટ, અપહરણ, બળાત્કાર અને ખૂન જેવા ગુનાઓની જેમ આવાં લગ્નોને પણ ગુનાહિત કૃત્ય માની રોકવાં જોઈએ. જોકે આવી ઘટનાઓ ઓછી બને છે, પણ સમાજમાં એક પણ આવો બનાવ બનવો ન જોઈએ. જોકે કન્યાવિક્રયની દુષ્ટ પ્રવૃત્તિના લીધે વૃદ્ધ લગ્નો ઓછા થાય છે, પરંતુ તેમ છતાં જે મોટી સંખ્યા એમાં જોવા મળે છે તેનું કારણ માબાપોની દહેજ સંબંધી લાચારી મુખ્ય હોય છે. આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે વધુ દહેજની માગણી સામાન્ય સ્તરનાં માબાપો માટે ખૂબ મૂંઝવણભર્યો પ્રશ્ન હોય છે. એવાં માબાપ પોતાની દીકરી માટે વર ખોળવા આકાશ પાતાળ એક કરતાં હોય છે અને એમાં જ સમય ઘણો વહી જાય છે. પરિણામે દીકરી ખૂબ મોટી થઈ જાય છે, જ્યારે સમાજની પ્રચલિત માન્યતાઓ અનુસાર સામાન્ય રીતે કન્યાનું લગ્ન વીસ વર્ષની ઉંમર સુધીમાં થવું જોઈએ. જો કન્યાની ઉંમર વધી જાય તો સમાન ઉંમરનો યુવક મળવો મુશ્કેલ બની જાય છે.

## વર-વધુની ઉંમરમાં ફરક :

પ્રચલિત માન્યતા અનુસાર છોકરા કરતાં છોકરીની ઉંમર નાની હોવી જોઈએ. સમાન ઉંમરની અથવા મોટી ઉંમરની છોકરી સાથેનાં લગ્ન ખરાબ માનવામાં આવે છે. એનું કારણ એ છે કે પુરુષ નારી પર શાસન ક્યારે કરી શકે કે જ્યારે તે નાની ઉંમરની હોય ત્યારે અને એટલે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ આવો રિવાજ ચાલ્યો આવે છે. છોકરાની શોધ કરતાં કરતાં જે છોકરીની ઉંમર બાવીસ પચ્ચીસ વર્ષ થઈ જાય તેને માટે આર્થિક સંકટ જ નહિ, પરંતુ મોટી ઉંમરનો છોકરો મળવાનો પણ પ્રશ્ન ઊભો થાય છે. આમ આ મુંઝવણ બેવડાઈ જાય છે. સાથે સાથે કન્યાને કુંવારી રાખવાનું કોઈ પસંદ નથી કરતું. એનું લગ્ન થવું જ જોઈએ, પછી વડલા-પીપળા સાથે પણ ભલે થઈ જાય. આવી વિવશતામાં મોટી ઉંમરની છોકરીઓનાં લગ્ન ઢળતી ઉંમરના વયોવૃદ્ધ વિધુરો સાથે પણ કરવાં પડે છે. મોટા ભાગનાં વૃદ્ધ લગ્નો આવાં કારણોસર થતાં હોય છે. છોકરીનાં માબાપોનાં મનમાં પોતાની દીકરીને વેચવાનો વિચાર એવે સમયે નથી હોતો. જે મળે તે આપીને લગ્નો પતાવી દેવાતાં હોય છે. આવાં લગ્નોમાં વિવશતા, લાચારી અને શરમની લાગણી પણ તેઓ અનુભવતા હોય છે. એમને બીજો કોઈ રસ્તો પણ સૂઝતો નથી. જ્યારે બધા દરવાજા બંધ હોય ત્યારે તેમને આમ કરવાની ફરજ પડે છે. આવી બેવડી મુંઝવણનો મુકાબલો પણ બેવડા સાહસથી કરવો જોઈએ. દહેજપ્રથાનો નાશ કરવા સાથે આવી સ્થિતિનો ઉકેલ પણ એ છે કે છોકરાની ઉંમર કરતાં છોકરીની ઉંમર થોડી મોટી હોય તો ચલાવી લેવું જોઈએ. આમ કરવામાં કોઈ જ નુકશાન નથી. સામાન્ય રીતે છોકરો છોકરી કરતાં એકાદ બે વર્ષ મોટો હોય છે, પરંતુ એ વાત સ્પષ્ટ છે કે આ નાના મોટાની પ્રતિકૂળ અસર દામ્પત્યજીવન પર કશી જ થતી નથી અને એટલે જ ક્યારેક વર થોડો નાનો હોય અને કન્યા થોડી મોટી હોય તો એમાં કશો વાંધો આવતો નથી. વર વધૂ પર શાસન કરે એ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રથા સામંતવાદી છે. ઉંમરના થોડાક તફાવત સાથે કોઈ નિસ્બત નથી. તે એકબીજામાં રહેલી પ્રતિભા અને ગુણોનો પ્રશ્ન છે. પતિપત્ની એક જ રથનાં બે પૈડાં છે. એમાં કોઈ કોઈના પર શાસન કરતું નથી. એકબીજાને દાબમાં રાખવાની ઇચ્છા શા માટે રાખે ? બન્ને પ્રેમ, સદ્ભાવ અને વિચારોના વિનિમયપૂર્વક પોતાનું ગૃહસ્થજીવન સફળ બનાવી શકે. એમાં કન્યા મોટી હોય તો કોઈ અંતરાય ઊભો થતો નથી.

## સહૃદયતા અને ઉદારતાની આવશ્યકતા :

જ્યાં છોકરીના માબાપોને આવી લાચારીમાં ફસાયેલાં જોઈએ ત્યાં સહૃદય, ઉદાર અને વિચારશીલ માણસોએ એમને સંપૂર્ણ સહાનુભૂતિ આપવી જોઈએ. સુધારક વિચારનાં માતાપિતા અને સુધારક નવયુવકોએ આવાં લગ્નોનો સ્વીકાર કરવો જોઈએ. એનાથી કન્યાનાં લગ્ન કોઈ વૃદ્ધ સાથે થતાં અટકાવી શકાશે. વૃદ્ધ લગ્નોનો કે કજોડાં લગ્નોનો કેવળ મૌખિક વિરોધં કરવા માત્રથી જ કંઈ નહિ વળે. એનો વ્યવહારું ઉકેલ પણ લાવવો જોઈએ. કન્યા ઉંમરલાયક થઈ ગઈ હોય ત્યાં વૃદ્ધવિવાહ રોકવા માટે બીજો વિકલ્પ યોગ્ય છે. ખાલી વિરોધ નિરર્થક છે. જ્યારે બીજો કોઈ રસ્તો જ ન રહે ત્યારે શું થાય ? એવી યુવતીઓ આજીવન કુંવારી રહેવાનો નિર્ણય કરી શકે, પરંતુ આવો નિર્ણય કોઈક વિરલ યુવતી જ કરી શકે. માતાપિતાને પોતાનો નિર્ણય જણાવવાની હિંમત પણ યુવતીઓમાં ક્યાં હોય છે ? મનમાં કોચવાતી રહેવા છતાં મોઢેથી એક પણ શબ્દ કહી શકતી નથી. ઘરનાં માણસો જે કંઈ નિર્ણય લે તે તેમને માનવો પડે છે. એવી સ્થિતિમાં આદર્શવાદી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વ્યક્તિઓ ઉપર બેવડી જવાબદારી આવી પડે છે. આવી યુવતીઓને વૃદ્ધોના ગળે બંધાતી દેખતા જે વ્યથા થતી હોય તો એમણે કંઈક ત્યાગ કરવો જોઈએ. 'વરથી કન્યા મોટી ન હોય' એ માન્યતાને છોડવી પડશે. જેઓ દહેજના વિરોધી હોય એવા યુવકો પાસે આવા બીજા સાહસની પણ અપેક્ષા રાખી શકાય.

## એક વિચારણીય વિકલ્પ :

સુશિક્ષિત યુવતીઓ સમક્ષ આ પ્રશ્ન વધુ ઉગ્ર સ્વરૂપે આવે છે. ગ્રેજ્યુએટ થતાં થતાં તેમની ઉંમર વધી જાય છે. બે-ચાર વર્ષ છોકરો ખોળવામાં જાય અને જો એમાં સફળતા ન મળે તો ઉંમર અઠ્ઠાવીસ-ત્રીસ વર્ષની થઈ જાય. અભણ યુવતીઓને ઓછા દહેજમાં અભણ છોકરો કદાચ મળી જાય. જો વધુ શિક્ષિત સુયોગ્ય છોકરાની અપેક્ષા હોય તો એવે ઠેકાણે અનેકગણા દહેજની માગણી થતી હોય છે. જે માબાપો માટે સાદાઈથી લગ્ન કરવાં પણ અઘરાં હોય તેઓ એ સુશિક્ષિત લોકોની ધનની માગણી કેવી રીતે પૂરી કરી શકે ? દીકરીનું ભણતર તો ગમે તે રીતે પૂરું કર્યું, પણ હવે લગ્ન માટે આટલો ખર્ચ ક્યાંથી કાઢવો ? વળી એનાથી મોટો વર પણ ક્યાંથી મેળવવો ? આવી બેવડી સમસ્યામાં ગૂંચવાયેલી યુવતીઓએ શિક્ષિકાની નોકરી કરતા રહી આજીવન કુંવારી રહેવાનો નિર્ણય નાછૂટકે કરવો પડે છે. આવી અનેક યુવતીઓની માહિતી મારી પાસે છે જેમને સ્વેચ્છાએ નહિ, પણ વિવશ બની કુંવારા રહેવું પડ્યું છે. આ સમસ્યાનો ઉકેલ બે રીતે લાવી શકાય. એક તો સુધારાવાદી યુવકો સાહસિક બને. સાથેસાથે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ત્યાગની ભાવના કેળવે. આ જ ગુણો યુવતીઓએ પણ કેળવવા જરૂરી છે. યુવતીઓ પોતાનાથી ઉંમરમાં નાના અને ઓછું ભણેલા યુવકો પણ પસંદ કરે. જેવી રીતે સુયોગ્ય પતિ થોડી ઓછી યોગ્યતાવાળી પત્નીને નિભાવી લે એ જ રીતે થોડી ઓછી યોગ્યતાવાળા પતિને સુયોગ્ય પત્નીએ પણ નિભાવી લેતાં શીખવું પડે. આમ મોટું મન રાખવાથી પ્રશ્ન હલ થઈ શકે. સુશિક્ષિત પત્ની પોતાના પતિની ભણતર બાબતની ઊણપને સહેલાઈથી પૂરી કરી શકે છે. એવી જ રીતે જો પતિ થોડું ઓછું કમાતો હોય તો પોતે નોકરી કરી થોડું વધુ કમાઈ પરિવારનો નિભાવ કરવા સહકાર આપી શકે છે. કમસેકમ પુરુષ સમાજ દ્વારા પ્રચલિત કરવામાં આવેલી એ માન્યતા કે "વર તો કન્યા કરતાં ઉંમરમાં મોટો અને વધુ ભણેલો હોવો જોઈએ"નો શિકાર ભણેલી યુવતીઓ તો ન જ બને.

જો પત્ની વધારે સુયોગ્ય અને વધુ ભણેલી હોય તો એમાં કોઈને શું નુકસાન થવાનું છે ? પતિપત્નીમાં ભાવનાત્મક સમાનતા અને એકતા હોવી જોઈએ. જો ભાવના હોય તો નાનામોટાનો પ્રશ્ન જ રહેતો નથી. જો આવી ભાવના પેદા થાય તો પોતાનાથી વધારે ઉંમરવાળા સુયોગ્ય અને દહેજની ઇચ્છા ન રાખનારા છોકરા ન મળવાની અનેક સુશિક્ષિત છોકરીઓની સમસ્યાનો ઉકેલ આવી શકે.

## ઉપહાસ અને વિરોધથી ન ડરો :

નવીન સમાજની રચના કરવા માટે આપણે ઘણીબધી પ્રચલિત માન્યતાઓમાં ફેરફાર કરવો પડશે. આવી પરિસ્થિતિ પેદા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

થાય ત્યારે લોકો હાંસી પણ ઉડાવે, નારાજ પણ થાય અને અવરોધો પણ ઊભા કરે. લોકો તો લોકો જ છે. એમને વિવેક વિચાર સાથે લેવાદેવા નથી. પ્રચલિત માન્યતાઓ જેમની તેમ રહે એમાં જ એમને રસ હોય છે. ગંદા રહેનારને જો સ્વચ્છ રહેવાનું કહેવામાં આવે તો પહેલાં તો સામાન્ય રીતે એને ખોટું જ લાગશે અને સલાહ આપનારને જ નીચો પાડવાના પ્રયત્નો કરશે. આ માનવસ્વભાવ છે. કાં તો તમે જેમનું તેમ ચાલવા દો અને સહન કરો યા તો એમાં પરિવર્તન લાવવાનું સાહસ કરો. લોકોમાં સમજણ આવે તો છે, પણ ક્યારે ? જ્યારે તેઓ મૂર્ખતાની હદ વટાવી જાય છે ત્યારે.

ઈસુના ઉપદેશોનો એ જમાનામાં દરેક જણે વિરોધ કર્યો હતો. આખુંય આયખું પ્રયત્ન કર્યો ત્યારે માત્ર તેર શિષ્યો મળ્યા, જેમાં એક સાવ ખોટો નીકળ્યો. એણે માત્ર ત્રીસ રૂપિયા મેળવવાની લાલચે પોતાના ગુરુને પકડાવી દીધા અને ફાંસી અપાવી દીધી. પરંતુ ઈસુનો ઉપદેશ સાચો હતો એટલે લોકોને મોડે મોડે પણ ભાન આવ્યું અને તેમની વાત શ્રદ્ધાપૂર્વક સ્વીકારી. આજે તો એક તૃતીયાંશ જગત ઈસુના ઉપદેશોને અનુસરે છે, પણ તેમની હયાતીમાં દરેક માણસ તેમનો વિરોધ કરતો હતો. સોક્રેટિસથી માંડીને મહાત્મા ગાંધી સુધીના દરેક સુધારકને લોકોનો વિરોધ, ઉપહાસ અને અત્યાચારનો સામનો કરવો પડ્યો છે. જે આ બધાથી ડરતો હોય એણે સુધારક બનવું ન જોઈએ અને યુગપરિવર્તન જેવા મહાન તથ્યની કલ્પના પણ ન કરવી જોઈએ. નવનિર્માણની વાત કરવી અને એ માટે સાહસ કરવાનું એમને માટે જ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

યોગ્ય છે કે પથ્થરો સાથે ટકરાઈને પણ નદીની જેમ વહેવાની જેમને મજા આવતી હોય. પ્રચલિત સિદ્ધાન્તોનો જન્મદાતા 'રુસો' અને સામ્યવાદી સિદ્ધાન્તોનો જન્મદાતા કાર્લ માર્ક્સ્ પોતાના જીવન દરમિયાન પાગલ કહેવાતા હતા. આજે દુનિયાના કરોડો માણસો તેમના સિદ્ધાન્તોનું અનુસરણ કરી રહ્યા છે. સામાન્ય લોકોની આવી વિરોધી પ્રવૃત્તિ બદલી શકાતી નથી. તેઓ તો વિરોધ કરવાના જ. ન કરે તો લોકો ન કહેવાય. પછી તો એમને વિવેકશીલ અને દૂરદર્શી જ કહેવામાં આવશે. લોકોને વજનદાર ચીજો ઉપાડવાનું નથી ગમતું. લોકો બદલાય તો છે પણ ક્યારે ? જ્યારે જમાનો એમનો સાથ છોડી ઝડપથી બદલાતો જાય છે ત્યારે. આપણે પણ આપણી નવનિર્માણની માન્યતાઓનો પ્રચાર કરતી વખતે આવી જ આશા રાખવી જોઈએ અને એ માટે અપાર ધીરજ અને દૃઢ મનોબળ કેળવવું જોઈએ.

## દરજ્જો કોનો મોટો ? કોનો નાનો ?

દીકરીવાળાનો મોભો નીચો જ હોય અને દીકરાવાળાની કક્ષા ઊંચી હોય એમ માનવું તે જરા પણ યોગ્ય નથી. દીકરીવાળા દીકરાવાળા સામે નતમસ્તકે કાકલુદી અને પ્રાર્થના કરતા રહે. એ લોકો જો ધમકાવે કે અપમાન કરે તો પણ નમ્ર ભાવે સહન કરતા રહે એ ન્યાયસંગત નથી અને યોગ્ય પણ નથી. લેનાર કરતાં આપનારનું આસન હંમેશાં ઊંચું જ હોય છે. લોકરિવાજ એવો છે કે કોઈ વ્યક્તિ બીજા કોઈને દાન કે ભેટ આપે તો લેનારો પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરે છે અને આ ઉદારતા માટે આભાર માને છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સામાન્ય મદદ પણ જેમના તરફથી આપણને પ્રાપ્ત થાય ત્યારે આપણે તેમને ધન્યવાદ આપીએ છીએ. જ્યારે પોતાનો આત્મા એટલે કે પોતાની દીકરી કશું જ લીધા વગર આજીવન સેવા અને સહાયતા માટે આપનારનું દાન તો કેટલું મોટું ગણાય ? જીવનની અધુરપ દૂર કરનારી અને અપૂર્ણતાને પૂર્ણતાથી ભરી દેવાવાળી જીવન સહચરીનું કેટલું મૂલ્ય હોય છે એની તો કલ્પના કરવી પણ અઘરી છે. જડ વસ્તુઓની કિંમત રૂપિયા પૈસામાં આંકવામાં આવે છે, પરંતુ આ તો આવડી મોટી જીવંત ભેટ કોઈપણ પ્રકારના બદલાની આશા વગર જેમણે આપી છે, એમના પ્રત્યે એ ઉપકારના બદલામાં કૃતજ્ઞતા, તેમની મોટાઈ અને આદરનો ભાવ રાખવાનું તો દૂર રહ્યું, ઊલટાનું એમને નાના કે નીચા માનવા તથા તેમની સાથે અપમાનજનક વ્યવહાર કરવો એ ક્યાંની માનવતા છે ?

સમાજમાં એવું જોવા મળે છે કે વરપક્ષવાળા કન્યાપક્ષ પાસે યોગ્ય અયોગ્ય માગણીઓ મૂકતા હોય છે અને જો કન્યાપક્ષવાળા તેમની માગણી પૂરી ન કરી શકે તો રિસાઈ જાય છે. પ્રત્યેક મિનિટે તેમને અસાધારણ માન-સન્માન ઇચ્છે છે. જો તેમના સ્વાગત સત્કારમાં જરા જેટલી પણ ચૂક આવી તો ક્રોધિત થઈ અપમાનજનક વ્યવહાર કરે છે. આવા લોકો સાસરી પક્ષવાળાને શનિ-રાહુની જેમ હેરાન કરતા રહેતા હોય એવાં દૃશ્યો આપણે આ યુગમાં ઘેર ઘેર જોઈએ છીએ. આવા વિચિત્ર વ્યવહાર પાછળ માત્ર એક જ ભાવના કામ કરતી હોય છે કે છોકરીવાળા છોકરાવાળા કરતાં હંમેશાં નીચા જ છે. વરપક્ષે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમની દીકરી લઈને જાણે ખૂબ મોટો ઉપકાર કરી દીધો ન હોય ! એના બદલામાં પોતાની પૂજા કરાવવાનો જાણે અધિકાર છે એમ માની લેતા હોય છે. એમની ઇચ્છાનુસાર જો કોઈ વસ્તુ ન મળે તો તેમાં પોતાનું અપમાન સમજીને અશિષ્ટ વ્યવહાર કરવા સુધીની હદે પહોંચી જાય છે !

## અયોગ્ય માન્યતાઓ બદલો :

આ પ્રકારની માન્યતા યોગ્ય ગણાય કે નહિ એ વિચારણીય પ્રશ્ન છે. પ્રશ્નનો ઉત્તર 'ના'માં જ મળશે. ખૂબ જ ઉદાર ભાવનાવાળો હોવાથી કન્યાપક્ષ હંમેશા અધિક સન્માનનીય છે. સાચું તો એ છે કે એમના પ્રત્યે કૃતજ્ઞતા અને ઉદારતાપૂર્વકનો નમ્ર વ્યવહાર થવો જોઈએ. કદાચ એમ ન બની શકે તો વરપક્ષવાળાએ દેવની જેમ પૂજાતા રહેવાનો 'જન્મસિદ્ધ અધિકાર' વાળો વ્યવહાર તો છોડવો જ જોઈએ. પોતાના તરફથી પોતાની સ્થિતિ અનુસાર કોઈ સ્વાગત સત્કાર કરે એ જુદી વાત છે. આમેય સામાન્ય રીતે કન્યાપક્ષવાળા વરપક્ષનો સત્કાર ખૂબ પ્રેમથી કરે જ છે. પોતાની શક્તિ અનુસાર એમાં કોઈ કસર નથી રહેવા દેતા, પરંતુ વરપક્ષવાળાની દેવપૂજા જેવા સત્કારની માગણી તદ્દન અયોગ્ય છે. લગ્નની બાબતે અયોગ્ય કુરિવાજો છોડવા જ જોઈએ. જ્યારે આપણે આવી માન્યતાઓને બદલવાનો દૃષ્ટિકોણ સ્વીકારીએ તો કન્યાપક્ષવાળા નીચા હોવાની માન્યતાને તિલાંજલિ આપવી પડશે જ.

કન્યાપક્ષનું આસન ઊંચું જ છે કારણ કે એ દાતાપક્ષ-દાન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

દેનાર પક્ષ છે અને એટલે જ એમના પ્રત્યે સન્માનભર્યું વલણ હોવું આવશ્યક છે. સાળા અને બનેવીએ સગા ભાઈઓ જેવો ભાવ રાખવો જોઈએ અને કન્યા તથા વરના પિતાઓએ તથા સંબંધીઓએ પણ સગા ભાઈઓ જેવો પ્રેમ રાખવો જોઈએ. કોઈ બીજા પાસે સન્માનની માગણી ન કરે. પરંતુ માગ્યાવગર જ એકબીજાને સન્માન આપે. જેટલો આદરસત્કાર મળે એનો ઉપકારવશ સ્વીકાર કરે. બન્ને પક્ષો જ્યારે આવો આત્મીય વ્યવહાર કરશે ત્યારે બન્ને પરિવારોમાં સાચો સ્નેહ તથા સૌજન્ય વૃદ્ધિ પામશે. એટલું જ નહિ, આનો પ્રભાવ પતિપત્ની ઉપર પડશે અને તેમનું ગૃહસ્થ જીવન સફળ બનશે.

## શ્રીમંતો તરફ ન દોડો :

આ પરિવર્તન લાવવાની સાથોસાથ એ પણ ધ્યાન રાખવામાં આવે કે પોતાની કક્ષાના પરિવાર સાથે જ સંબંધો બાંધવામાં આવે. ખાસ કરીને જ્યારે કન્યા માટે વર ખોળવામાં આવે ત્યારે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે ખૂબ શ્રીમંત પરિવાર તો નથી ને ! કારણ કે શ્રીમંતાઈભર્યા વાતાવરણમાં જે છોકરાઓનો ઉછેર થયો હોય છે તેમના મગજમાં અમીરીની દુર્ગંધ ભરેલી હોય છે. એવા છોકરાઓમાં અભિમાન અને વ્યસન જેવાં અનેક દૂષણો જોવા મળે છે. અને વળી આ યુગમાં પૈતૃક સમૃદ્ધિનું કાંઈ કહેવાય નહિ. સરકાર મૃત્યકર અને પિતાની મિલ્કતમાં દીકરીનો હિસ્સો જેવા કાયદા કરીને સ્થાયી સંપત્તિને છિન્નભિન્ન કરવાની વ્યવસ્થા કરી રહી છે. એટલા માટે સમૃદ્ધ લોકો સામે પ્રસ્તાવ મૂકીને એમના છોકરાઓનો ભાવ વધારવો જોઈએ નહિ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એ જ રીતે જે છોકરાઓ ખૂબ ભણેલા હોય તેમને તેમની કક્ષાની કન્યાઓ માટે બાજુ પર રાખવા જોઈએ.

સામાન્ય શિક્ષણ, સામાન્ય રંગરૂપ અને સામાન્ય પરિવારની દીકરીને જો એના માબાપ પોતાની આર્થિક ક્ષમતાનો નાશ કરીને પણ ઊંચા સ્તરના છોકરાઓ સાથે લગ્નસંબંધ બાંધશે તો પરિણામે છેવટે છોકરીને સહન કરવાનું આવશે. એવા પરિવારોમાં એને આરામ કે સન્માન નહિ મળે, પરંતુ મુશ્કેલીઓ જ સહન કરવાની આવશે.

આજકાલ છોકરાઓ માટે જાણે કે હરાજીની બોલી બોલવામાં આવે છે. છોકરાવાળાઓનો મિજાજ સાતમાં આસમાને હોય છે. આવી હોડમાં જે છેલ્લી બોલી બોલે છે તે તો બિચારો પિસાઈ જ જાય છે. એટલે જ પોતાની કક્ષાનો અથવા થોડી નીચી કક્ષાના પરિવારનો છોકરો ખોળવો એ જ ઉત્તમ છે.

સાચી સંપત્તિ તો પ્રતિભા અને સજ્જનતા છે. એના આધારે જ છોકરાની પરખ કરવી જોઈએ. આવક ઓછી હોય તો પણ એવા પાત્રને પ્રાથમિકતા આપવી જોઈએ. કારણ કે પ્રતિભાવાન છોકરો પોતાની રીતે આગળ વધી ઉન્નતિ કરી શકશે. જે છોકરો સજ્જન હોય તેની સાથે પત્નીને ગરીબીમાં પણ અમીરીનો આનંદ મળી શકશે. ઉત્તમ તો એ છે કે આપણે ગરીબ છોકરો ખોળીએ અને જે પૈસા લગ્નમાં ખર્ચ કરવાના હોઈએ તે તેના શિક્ષણ માટે અને એની પ્રગતિ માટે ખર્ચી એને સ્વાવલંબી બનાવવાનો પ્રયત્ન કરીએ. એમાં એક પ્રકારની ઉદારતા છે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને પૈસાનો સદુપયોગ પણ છે.

## રંગરૂપ નહીં, ગુણ-કર્મ :

આજે તો છોકરા છોકરીઓનાં રંગરૂપ ઉપર વધુ ધ્યાન આપવામાં આવે છે. ખાસ કરીને છોકરીઓની પસંદગી એના રૂપરંગના આધારે કરવામાં આવે છે. આ દષ્ટિકોણ એક સામાજિક દૂષણના રૂપમાં ફેરવાઈ ગયો છે. એનાં અનેક દુષ્ટ પરિણામ આવી રહ્યા છે. ભારતની આબોહવા ગરમ છે. પંજાબ અને ઉત્તરભાગ તથા કાશ્મીરને બાદ કરતાં બીજા પ્રાન્તોમાં મધ્યમ રંગના સ્ત્રી પુરુષ જોવા મળે છે. દક્ષિણ ભારતમાં તો મોટા ભાગના માણસો શ્યામ રંગના જોવા મળે છે. ઉત્તર તથા મધ્યભારતમાં પણ એવી સંખ્યા ઓછી નથી. આપણા દેશમાં ત્રણ ચતુર્થાંશ માણસો એવા છે કે જેમને સિનેમાના એક્ટરની કસોટી પર કસવામાં આવે તો એમને શ્યામ જ કહેવા પડે. સ્ત્રી હોય કે પુરુષ તમામને આ વાત લાગુ પડે છે. ભારત યુરોપ નથી કે જ્યાં ગોરાં અને નખ શિખ સુંદર સ્ત્રી-પુરુષો મળે. એ સ્થિતિમાં સુંદરતા અને રૂપરંગને જ આધાર માનીને છોકરીઓની પસંદગી કરવામાં આવે તો બહુ મોટી સમસ્યા ઊભી થશે. ખૂબ ઓછી યુવતીઓ એ રીતની યોગ્યતા ધરાવી પસંદગી પામશે. બાકી બધીને રદ્દી કાગળની ટોપલીમાં ફેંકવા લાયક માનવામાં આવશે. પછી એ બિચારીઓનું શું થશે ? એમની સાથે લગ્ન કોણ કરશે ?

"રૂપના આધાર પર જીવનસાથીની પસંદગી" એ એક ખતરનાક ખેલ છે. એમાં ગુણોની ઉપેક્ષા કરવાની અને ગુણોને ગૌણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમજવાની ભાવના છુપાયેલી છે. ઓછી રૂપાળી પણ ગુણવાનના બદલે સુંદર પરંતુ ગુણહીન છોકરીને મહત્ત્વ મળવા લાગે તો એમ કહેવું પડશે કે આપણે આધ્યાત્મિક આદર્શોનો ત્યાગ કરીને પૂરેપૂરા ભૌતિકવાદી દષ્ટિકોણવાળા બની ગયા છીએ. આત્માના બદલે ચામડીને મહત્ત્વ આપવામાં આવ્યું છે. અત્યારે તો આવી માગણી છોકરાઓ તરફથી થાય છે. તેઓ સુંદર અને ગોરી કન્યાઓની પસંદગી કરે છે. પણ થોડા સમય પછી એની પ્રતિક્રિયા થશે. છોકરીઓ પણ એવી જ પસંદગી કરશે તો શ્યામ અને કુરૂપ છોકરાઓનાં લગ્ન થવાં મુશ્કેલ બની જશે.

## ખતરનાક પ્રતિક્રિયાનું ધ્યાન રાખવું ઘટે :

થોડાક સમય પહેલાં બિહાર પ્રાન્તના એક સમાચાર 'યુગનિર્માણ યોજના' પત્રિકામાં છપાયા હતા. એક છોકરો ખૂબ જ સુંદર છોકરી સાથે લગ્ન કરવા ઇચ્છતો હતો. પોતે છોકરીને જોઈને જ પસંદ કરશે એવો આગ્રહ એણે રાખેલો. અનેક છોકરીઓ એણે જોઈ અને નાપસંદ કરી. છેવટે એક સુંદર છોકરી એણે જોઈ અને પસંદ કરી. સગાઈ પાકી કરવા સારી એવી સંખ્યામાં અગ્રગણ્ય સજ્જનો ભેગા થયા. એ જ વખતે છોકરીએ કહેવડાવી દીધું કે છોકરો દેખાવડો નથી. એટલે તેણીને પસંદ નથી. હાજર રહેલા લોકોએ તેણીને સમજાવવા ખૂબ મથામણ કરી, પરંતુ છોકરીએ કહ્યું કે જ્યારે ચામડી જ સર્વસ્વ છે અને ઊજળી ચામડી જ હોવાના કારણે આ મહાશય અનેક છોકરીઓને નાપસંદ કરી ચૂક્યા છે, તો હું પણ ચામડીના મહત્ત્વને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઓછું શું કામ આંકુ ? અને જ્યારે આ છોકરો મારાથી ઓછો રૂપાળો છે ત્યારે હું પણ એની સાથે લગ્ન શા માટે કરું ? છોકરીની વાત બરાબર હતી. તેણીને છોકરાની આ ક્ષુદ્રતાના કારણે ક્ષોભ પણ થયો હતો, એટલે ખૂબ પ્રયત્ન કરવા છતાં છોકરી સંમત ન થઈ અને છેવટે છોકરાને શરમિંદા બનીને પાછા જવું પડ્યું. પોતાના સાથી મિત્રો એને શીખવાડતા હતા કે પરી જેવી વહુ ખોળતાં પહેલાં યાર તારો ચહેરો તો અરીસામાં જોઈ લે તો !

એ વાતનું આશ્ચર્ય થાય છે કે કુરૂપ છોકરાઓ પણ રૂપવતી છોકરીઓની માગણી કરે છે. જો આ પ્રવૃત્તિ વધતી ચાલી તો થોડા વખતમાં ભારત યુરોપ બની જશે. રૂપયૌવનની લાલસાવાળાં અને ગુણ, કર્મ તથા સ્વભાવને મહત્ત્વ ન આપતાં છોકરાછોકરીઓ અતૃપ્ત રહીને ભટકતાં રહેશે. એમને અધિક રૂપની તરસ પોતાના સાથી સાથે પણ સંતોષપૂર્વક નહીં રહેવા દે. છેવટે આપણા દેશવાસીઓનું ગૃહસ્થ જીવન પણ યુરોપવાસીઓની માફક નારકીય બની જશે. ખરેખર તો અહીં સ્થિતિ વધારે ખરાબ થશે, કારણ કે અહીં મોટા ભાગના માણસો શ્યામ અને ઘઉંવર્ણા હોય છે. એમને ઉપેક્ષિત અને તિરસ્કૃત કરવામાં આવશે તો શું થશે એની કલ્પના કરવી અઘરી છે. થોડાંક રૂપાળાંને બાદ કરતાં બાકીનાં કુરૂપ છોકરા છોકરીઓને મુશ્કેલીનો સામનો કરવો પડશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

# રૂપસુંદરી અને સુગૃહિણી

પ્રાચીન સમયમાં છોકરીઓનાં કુળ તથા શીલ જોવામાં આવતાં હતાં. પુરોહિત જઈને છોકરા-છોકરીની બાબતે પૂરેપૂરી માહિતી મેળવી લેતા. પાત્ર સંતોષજનક અને સુયોગ્ય લાગે તો લગ્ન કરી દેવામાં આવતાં. આવાં લગ્નો બધી રીતે સફળ પણ થતાં. વરવધૂ પોતાના સાથી સાથે વિશુદ્ધ ધર્મકર્તવ્ય સમજી ખૂબ આનંદપૂર્વક જીવન નિભાવતાં. ત્યારે રૂપની નહિ પણ પોતાના સાથીને નિભાવવાની, ધર્મકર્તવ્યનું પાલન કરવાની દૃષ્ટિ હતી. હવે આ દૃષ્ટિ બદલાઈ છે. આ યુગમાં હવે વાસનાત્મક તથા કામુક દૃષ્ટિકોણ અપનાવાઈ રહ્યો છે તેથી રૂપવતી રમણીની આકાંક્ષા જાગી છે. હરકોઈ યુવકને પરીની લગન લાગી છે. આ બદલાયેલા દૃષ્ટિકોણોનો અનુભવ છોકરીઓ પણ કરવા લાગી છે અને એટલે જ તો વધુ રૂપાળી દેખાવા માટે અનેક પ્રયત્નો કરી રહી છે. રૂપ બદલી શકાતું નથી. જે ઈશ્વરે આપ્યું છે એવું જ રહે છે. કુરૂપતાને સુંદરતામાં કેવી રીતે બદલી શકાય એનો ઉપાય એક જ છે અને તે છે કેશગુંફન. સમયની માંગને અનુરૂપ બનવા માટે એના સિવાય એ બિચારી કરે પણ શું ?

આપણે ઉચિત પરિવર્તનને જ સમર્થન આપવું જોઈએ. નવી પેઢીના છોકરાઓનું પરિવર્તન પ્રત્યેક દૃષ્ટિએ ખતરનાક છે. એ એમની દૂષિત દૃષ્ટિનું પરિણામ છે. વિદ્યાવતી, ગુણવતી અને શાલીન છોકરી ખોળવાની વાત તો જાણે બરાબર છે, પણ રૂપવતી ખોળવી અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બાહ્ય દેખાવ ઉપરથી જ પસંદગી કરવી એ એવો દૃષ્ટિકોણ છે, જેના કારણે એમનું લગ્ન અસફળ પણ થઈ શકે છે. ધનને ચંચળ કહેવામાં આવ્યું છે, પણ રૂપ એનાથી પણ વધુ ચંચળ છે. ગૃહસ્થી અને કામધંધામાં અટવાયેલી બે ત્રણ બાળકોની માતા ત્રીસમા વર્ષે પહોંચતા પહોંચતા તો રૂપયૌવન ખોઈ બેસે છે અને ત્યારે પતિ એની ઉપેક્ષા કરે છે અને બીજી નવી શોધ શરૂ કરે છે. ભોગવાદી દૃષ્ટિકોણ અપનાવીને આપણે જીવનની, સમાજની પ્રત્યેક સમસ્યાને વધું ગુંચવીશું. લગ્ન જેવા પવિત્ર આદર્શને પણ આ કાદવમાં ધકેલી દઈશું તો કેવળ ઈશ્વર જ આપણને બચાવી શકશે. યુરોપમાં શિક્ષણનો વધુ વ્યાપ, નારીની સ્વતંત્રતા અને બધાને રોજગાર મળી રહે તેવી સુવિધાના કારણે પતિની આંખોમાંથી ઊતરી ગયેલી ઉપેક્ષિત નારી પોતાના પગ ઉપર તો ક્યારેક ઊભી રહી શકશે, પણ ભારતમાં હજી એવી સુવિધા નથી. રૂપ તૃષિત પતિની આંખોમાંથી ઊતરી ગયેલ પત્ની શું કરશે ? અહીં આ જટિલ પ્રશ્ન છે.

## પસંદગીનો સાચો આધાર :

છોકરો છોકરીની અને છોકરી છોકરાની પસંદગી કરે તો ગુણ, કર્મ, સ્વભાવ વગેરેના આધારે કરવી જોઈએ. આ દૃષ્ટિકોણ અપનાવાય તો વાંધો નથી, પણ એવું ક્યાં થાય છે ? પાંચ દસ મિનિટની મુલાકાતમાં એ શક્ય નથી. માત્ર એને જોઈ જ શકાય. આજે તો ફોટો મંગાવીને નાચગાન અને સૌંદર્યના આધારે જ શિક્ષિત વર્ગ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દ્વારા પસંદગી થઈ રહી છે. છોકરાઓ હવે માબાપ પર વિશ્વાસ નથી રાખતા. એ સમજે છે કે તેઓ પુરાણા સિદ્ધાન્તોથી કસોટી કરશે. સ્વસ્થ અને સુશીલ જોઈને પસંદગી કરી લેશે. સિનેમાની અભિનેત્રીઓને જે દૃષ્ટિએ પસંદ કરવામાં આવે છે એ દૃષ્ટિ એમની પાસે ન હોવાથી એમની એટલે કે માબાપોની પસંદગી સંપૂર્ણ નહીં હોય ! એટલે આપણે જ પસંદગી કરવી જોઈએ. આવો દૃષ્ટિકોણ હોય તો ભવિષ્યમાં દામ્પત્યજીવનમાં ક્યારેક નાપસંદગીનું સંકટ ઊભું થવાનો સંભવ છે. એટલા માટે જ્યાં, જે સ્થળે, જે ઘરમાં આ બાબત ઉપર ભાર મૂકવામાં આવે ત્યાં એને 'કુપાત્રતા' માનવી જોઈએ અને છોકરીઓને એ સંકટમાંથી બચાવવી જોઈએ.

જો ગુણને લગ્નનો આધાર માનવામાં આવશે તો ગુણવૃદ્ધિ થશે. આવી સ્પર્ધા ઇચ્છવાયોગ્ય છે. એમાં વ્યક્તિ અને દેશનું કલ્યાણ છે. રૂપની માંગ વધશે તો ઈશ્વરની રચનાને તો નહીં બદલી શકાય. આંખોને ભ્રમમાં નાખનાર ઉદ્ધત વેશપરિધાન વધશે. ખર્ચાળ આદતો અને દૂષિત દૃષ્ટિની ગ્રહસ્થની આર્થિક અને ચારિત્રિક સ્થિતિ પર ખરાબ અસર વર્તાશે. આપણે આ ઉદ્ધત દૃષ્ટિકોણને સુધારવો જોઈએ. આદર્શવાદી યુવકોએ આથી જુદો દૃષ્ટિકોણ અપનાવી પોતાની આંતરિક મહાનતાનો પરિચય આપવો જોઈએ. સુંદર છોકરા શ્યામ છોકરીને પસંદ કરે, સુશિક્ષિત યુવક અશિક્ષિત છોકરીને પસંદ કરે અને અમીર યુવક ગરીબ ઘર પર પસંદગી ઉતારે. એનાથી નિરાશ લોકોમાં આશાનો સંચાર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થશે. ઉપકૃત પક્ષ એમની મહાનતાનો શ્રદ્ધા સાથે આદર કરશે. જ્યાં આ પ્રકારની કૃતજ્ઞતા અને શ્રદ્ધાનો સમાવેશ થઈ શકે ત્યાં એને ગૃહસ્થની સંપૂર્ણ સફળતાનો સમાવેશ થઈ શકે ત્યાં એને ગ્રહસ્થની સંપૂર્ણ સફળતાનો સુનિશ્ચિત આધાર માની શકાય. આધ્યાત્મિક આદર્શવાદી દષ્ટિકોણ જીવનના પ્રત્યેક ક્ષેત્રને સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી શકે છે. દામ્પત્યજીવનને સ્વર્ગના જેવી પ્રસન્નતાથી પૂર્ણ કરી શકે છે. આપણે નવી પેઢીને, ખાસ કરીને યુવકોને સમજાવવું જોઈએ કે તેઓ રૂપતૃષ્ણા અને ભોગ-તૃષ્ણાથી દૂર રહે અને પોતાની સહચારિણી કદાચ યોગ્ય શિક્ષણ પામેલી ન હોય, તો પણ એને પોતાને યોગ્ય બનાવવાની આદર્શવાદિતાનું ઉદાહરણ રજૂ કરે.

આ એક સામાન્ય વ્યવહારની બાબત છે કે છોકરો-છોકરી પોતાની સ્થિતિ તથા યોગ્યતાને અનુરૂપ જીવનસાથી શોધે. પોતાની સ્થિતિ કરતાં ઊંચુ પાત્ર શોધવું અયોગ્ય છે. કાળા-કુરૂપ અને મધ્યમ વર્ગના છોકરાઓ જો ખૂબ સુંદર છોકરી ખોળે તો તે અયોગ્ય છે. એવી જ રીતે ઓછું ભણેલા વધુ ભણેલી પત્ની મેળવવા ઇચ્છે તો એ પણ અયોગ્ય છે. એવી જ રીતે જો અશિક્ષિત અને કુરૂપ યુવતીઓ પોતાના કરતાં ચડિયાતા ગુણ, કર્મ અને સ્વભાવવાળા પાત્રની માગણી કરે તો એ ન્યાયોચિત નથી. સારું તો એ છે કે બન્ને પક્ષ સમાન કક્ષાનાં પાત્ર ઇચ્છે અને એમાં જ સંતોષ માને.

જ્યારે ઉચ્ચ આદર્શનો પ્રશ્ન સામે આવે ત્યારે પોતાની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તુલનામાં થોડું ઓછું યોગ્ય પાત્ર હોય તો પણ તેનો સ્વીકાર કરવો જોઈએ. પોતાની વિશેષતાનો એને લાભ આપવો જોઈએ. એનાથી સામો પક્ષ ત્યાગ અને ઉદારતાથી પ્રભાવિત થઈ કૃતજ્ઞ બને છે અને ત્યાગના બદલામાં દામ્પત્યજીવનમાં વધુ સરસતા અને સુખદ સ્થિતિનો લાભ મળે છે. રૂપાળા અને વિદ્વાન છોકરા જો કુરૂપ અને અશિક્ષિત છોકરીનો સ્વીકાર કરી એને પોતાની શ્રેષ્ઠતાથી લાભાન્વિત કરે તો એ વાત ચોક્કસ છે કે તેઓ પત્નીની શ્રદ્ધાના ભાગીદાર બનશે. એને એક ઉદાર વ્યવહાર માનવામાં આવશે. એમાં ત્યાગ પણ છે અને ઓછા શિક્ષિત પાત્રને સુયોગ્ય બનાવવાની સદ્ભાવના અને સજ્જનતા પણ છે. આવી સજ્જનતાની બધે પ્રશંસા જ થશે. ત્યાગ અને ઉપકારની ભાવના સાથે જો આવું પગલું ભરવામાં આવે તો એક પ્રકારનો આત્મસંતોષ પણ મળે છે. એની પ્રતિક્રિયા મંગલમય અને કલ્યાણમય હોય છે.

આ જ વાત યુવતીઓને પણ લાગુ પડે છે. જો તેઓ સુંદર, શિક્ષિત અને સુયોગ્ય હોય તો તેમને તેવો જીવનસાથી મેળવવાનો અધિકાર છે, પણ તેઓ આદર્શની દૃષ્ટિએ વિચારી પોતાની શ્રેષ્ઠતાને ચરિતાર્થ કરે અને પોતાના કરતાં થોડા ઓછા સુંદર અને ઓછું ભણેલા પતિનો સ્વીકાર કરી તેને પોતાની વિશિષ્ટતાઓથી લાભાન્વિત કરવો જોઈએ. ઓછા રૂપાળા, ઓછું ભણેલા અને ઓછી યોગ્યતાવાળા યુવકોને કેટલીય વિદુષી મહિલાઓએ અપનાવ્યા છે અને પોતાની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શ્રેષ્ઠતાનો લાભ આપી તેમની પ્રગતિમાં ખૂબ આશાપૂર્ણ યોગદાન આપ્યું છે. આદર્શનો એ માર્ગ અપનાવીને એમને પણ આ ત્યાગના ફળરૂપે પ્રાપ્ત થતો આત્મસંતોષ મળ્યો છે. આમ એ કૃતજ્ઞ પતિ તેમને માટે વધુ સહાયક અને સદ્ભાવનાસંપન્ન બને છે. આ પ્રકારની ઉદારતા બેમાંથી જે કોઈ પક્ષે બતાવી છે તેને પોતાની શ્રેષ્ઠતાનું યોગ્ય અને સુંદર ફળ બદલામાં મળ્યું છે.

લગ્નની પૂર્વતૈયારી આજ આદર્શો અનુસાર હોવી જોઈએ. જો પાયો સાચો હશે તો પરિણામ સારું જ આવશે. આદર્શવાદી સિદ્ધાન્તોને અપનાવીને જે લગ્નો ગોઠવાયાં હોય એવાં લગ્નોને જ આદર્શ લગ્ન કહી શકાશે.

* * *

**પ્રેમ અને સહકારથી હર્યોભર્યો પરિવાર જ ધરતીનું સ્વર્ગ છે.**

**પ્રસન્ન રહેવાના બે જ ઉપાય છે આવશ્યકતાઓ ઓછી કરવી અને પરિસ્થિતિ સાથે તાલ મિલાવવો.**

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org